ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૨૯-૦૮-૨૦૨૨

- **ભારતમાં મોંઘવારી અને બેરોજગારી માટે મોદી સરકારની ખોટી આર્થિક નીતિઓ જવાબદાર**
- **મોંઘવારી વિરુદ્ધ કોંગ્રેસ પક્ષ દ્વારા રવિવારે ચોથી સપ્ટેમ્બરે દિલ્હીના રામલીલા મેદાનમાં હલ્લા બોલ રેલીનું આયોજન**

મહારાષ્ટ્ર સરકારના પૂર્વમંત્રી શ્રીમતિ યશોમતિ ઠાકુર એ આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે, એક સમય હતો જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતની જનતાને મોંઘવારી અને બેરોજગારીથી મુક્ત ભવિષ્યનું સપનું દેખાડ્યું હતું. આનાથી વિપરિત આજે તેમણે લોકોને રેકોર્ડ બ્રેકિંગ ભાવવધારો અને 45 વર્ષોમાં સૌથી વધુ બેરોજગારીની ભયાવહ સ્થિતિમાં નાખી દીધા છે. છેલ્લા આઠ વર્ષમાં મોદી સરકારનો રેકોર્ડ આ વાસ્તવિકતાને ઉજાગર કરે છે, 2014માં સત્તામાં આવ્યા પછી વડા પ્રધાન મોદી માત્ર મોંઘવારીને નિયંત્રણમાં લાવવામાં તો નિષ્ફળ રહ્યા જ છે, પણ આ ઉપરાંત તેમની ખોટી નીતિઓ અને છેતરપિંડીએ ખરેખર લોકોની તકલીફોમાં અનેક ગણો વધારો કર્યો છે.

વડા પ્રધાને 2019માં મતદારોને વચન આપ્યું હતું કે, ખાદ્યાન્ન, દહીં, લસ્સી અને છાસ જેવી આવશ્યક વસ્તુઓને જીએસટીના વર્તુળની બહાર રાખવામાં આવી છે, પણ 2022માં તેમણે આ વસ્તુઓ પર પણ જીએસટી લગાડ્યો. તેમણે 2019ની ચૂંટણીઓમાં લોકોના મત લેવા માટે ઉજ્જવલા યોજનાનો જોરદાર પ્રચાર કર્યો, પણ ચૂંટણી પુરા થતાંજ તેમણે સંવેદનહીનતા દેખાડતા ગૅસ પર અપાતી સબસિડી દૂર કરી નાખી. રાંધણ ગૅસના ભાવમાં બમણાથી વધુનો વધારો કરી ને તેને સીલિન્ડર દીઠ 1,053-1200 રૂપિયા સુધી પહોંચાડી દીધો અને કરોડો વપરાશકર્તાઓ આજે પોતાના ખાલી સીલિન્ડરને રિફિલ કરાવવી શકે એવી સ્થિતિમાં નથી. આ એ બધી જ બાબતોમાંથી એવા માત્ર બે ઉદાહરણો છે જ્યાં વડા પ્રધાને ભારતના લોકોના મતો મેળવ્યા પછી તેમની સાથે દગો કર્યો છે અને પોતાની 'ડૂબી મરો'ની વિચારધારાને અનુસરતાં તેમણે લોકોની પીઠમાં ખંજર ખોસ્યું છે. જનતા સાથે છેતરપીંડી - વિશ્વાસઘાત કર્યો છે.

કોઈપણ ભોગે પોતાનો ખજાનો ભરવાની મોદી સરકારની હતાશાએ તેમને અપ્રમાણસર ઈંધણ કર લગાડવા પ્રેરિત કરી છે, જેનાથી ભારતીય વપરાશકર્તાની ખરીદ શક્તિ પર માઠી અસર થઈ છે. પેટ્રોલ, ડિઝલ અને એલપીજીના વૈશ્વિક દરો 2021-22ની સરખામણીએ 2013-14માં ખાસ્સા વધુ હતા પણ વપરાશકર્તાઓને આજે એક લિટર ઈંધણ અથવા એલપીજી સીલિન્ડર માટે યુપીએના શાસનકાળની સરખામણીમાં વધુ નાણાં ચૂકવવા પડે છે.

ક્રૂડ ઑઈલ અને રાંધણ ગૅસના આંતરરાષ્ટ્રીય દરોમાં છેલ્લા કેટલાક મહિનાથી ઘટાડો થઈ રહ્યો છે, પણ વપરાશકર્તાઓને તેનો લાભ આપવામાં આવી રહ્યો નથી. આનાથી વિપરિત જ્યારે જ્યારે આંતરરાષ્ટ્રીય દરોમાં વધારો થાય છે, ત્યારે સરકાર પેટ્રોલ, ડિઝલ અને એલપીજીના દરોમાં વધારો કરવાનું ભૂલતી નથી.

મોદી સરકારની દિશાવિહિન નીતિઓએ બેકારીની સ્થિતિને વિનાશકારી વણાંક પર લાવી મૂકી છે. નોટબંધી અને ઉતાવળે લાગુ કરાયેલી જીએસટી પ્રણાલી પહેલેથી જ અર્થતંત્ર પર બહુ ગંભીર અને ઊંડો આઘાત કરી ચૂકી છે, આ બધાથી ઉપર મોદી સરકાર સાર્વજનિક ઉપક્રમોને એક પછી એક બંધ કરી રહી છે, તેનું ખાનગીકરણ કરી રહી છે તથા બહુમૂલ્ય રાષ્ટ્રીય સંપત્તિને પોતાના મૂડીવાદી મિત્રોના હાથમાં સોંપી રહી છે. સરકારની આ યુવાનો વિરોધી નીતિઓને કારણે કેન્દ્ર સરકારમાં દસ લાખ નોકરીના પદ ખાલી પડ્યા છે, જે કુલ મંજૂર પદોના 24 ટકા છે.

વિવેકશૂન્ય અગ્નિપથ યોજના આપણા યુવાનો માટેની રોજગારની શકયતાઓ સાથે રમત કરી રહી છે, અને સાથે જ રાષ્ટ્રીય સુરક્ષા સામે પણ એક નવું જોખમ ઊભું કરી રહી છે. સશસ્ત્ર દળોમાં સામેલ થઈ પોતાના દેશની સેવા કરવાનાં સપનાં જોતાં યુવાન અને યુવતીઓને ચાર વર્ષ માટે કૉન્ટ્રાક્ટ આધારિત નોકરીનો પ્રસ્તાવ આપવામાં આવી રહ્યો છે, જેમાં પૅન્શન કે અન્ય કોઈ સુરક્ષાની કોઈ ગૅરન્ટી નથી.

સરકારની આ વિવેકવિહિન નીતિઓનાં પરિણામ વિનાશકારી રહ્યા છે. લાખો યુવાનો નિરાશ થઈ નોકરીની બજારમાંથી બહાર થઈ ગયા છે. આ પરિસ્થિતિ હોવા છતાં 20થી 24ના વર્ષના 42% યુવાન જે આજે પણ નોકરીની શોધમાં છે, તેઓ બેરોજગાર છે. આનું જ પરિણામ છે કે, પીએચડી અને અનુસ્નાતક સ્તરનું શિક્ષણ મેળવેલા યુવાનો પણ શૈક્ષણિક પાત્રતા મુજબ નોકરી - રોજગારતો મળતો નથી પણ અન્ય કામ કરીને જીવન જીવવા મજબુર થઈ રહ્યાં છે.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ આ મુશ્કેલ સમયમાં લોકોની સાથે ઊભી છે. સંસદથી સડક સુધી અમે મોદી સરકારની અક્ષમતા અને આ દિશાવિહીન નીતિઓ જેના કારણે ભારતમાં મોંઘવારી અને બેકારીમાં અભૂતપૂર્વ વધારો થયો છે તેની સામે અવાજ ઉપાડ્યો છે. જૂન 2021થી અત્યાર સુધીમાં અમે સાત રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનો અને જન જાગૃતિનાં કાર્યક્રમોનું આયોજન કર્યું છે. પાંચમી ઑગસ્ટ મોંઘવારી વિરુદ્ધ પોતાના રાષ્ટ્રવ્યાપી પ્રદર્શનો પછી કોંગ્રેસ પક્ષ દ્વારા રવિવારે ચોથી સપ્ટેમ્બરે દિલ્હીના રામલીલા મેદાનમાં મોંઘવારી પર હલ્લા બોલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

કોંગ્રેસ પક્ષ માગ કરે છે કે, સરકાર મોંઘવારી પર અંકુશ લગાડે અને રોજગાર નિર્માણ કરવાના પોતાના વચનને વિના વિલંબ પૂર્ણ કરે અને સાથે જ તમામ નાગરિકોને આગ્રહ કરીએ છીએ કે, જન-વિરોધી અને યુવાન-વિરોધી દૃષ્ટિકોણને બદલવા માટે સરકાર પર દબાણ લાવવામાં અમારા પ્રયાસોમાં અમારી સાથે જોડાઈને ભાજપ સરકારની જનવિરોધી નીતિ સામે અવાજને બુલંદ કરીએ.

| | 2014 | 2022 | વધારો |
|---|---|---|---|
| એલપીજી | સિલિન્ડર દીઠ રૂ. 410 | સિલિન્ડર દીઠ રૂ.1,053-1,240 | 156% |
| પેટ્રોલ | લીટર દીઠ રૂ. 71 | લીટર દીઠ રૂ. 95-112 | 40% |
| ડિઝલ | લીટર દીઠ રૂ. 55 | લીટર દીઠ રૂ. 90-110 | 75% |
| સરસવનું તેલ | લીટર દીઠ રૂ. 90 | લીટર દીઠ રૂ. 200 | 122% |
| ઘઉંનો લોટ | કિલો દીઠ રૂ. 22 | કિલો દીઠ 35-40 | 81% |
| દૂધ | લીટર દીઠ રૂ. 35 | લીટર દીઠ રૂ. 60 | 71% |

| | ક્રૂડ ઑઈલ (બૅરલ દીઠ $માં) | પેટ્રોલના દરો (લીટર દીઠ રૂ.માં) | પેટ્રોલના દરો (લીટર દીઠ રૂ.માં) |
|---|---|---|---|
| મે 2014 | 106 | 71 | 55 |
| ઑગસ્ટ 2022 | 97.01 | 95-112 | 90-100 |
| | | | |
| | એલપીજી (મૅટ્રિક ટન $માં) | એલપીજીના દરો (સીલિન્ડર દીઠ રૂ.માં) | |
| 2013-14 | 881 | 410 | |
| ઑગસ્ટ 2022 | 670 | 1,053-1,240 | |

આજની પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશી, ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખશ્રી જેનીબેન ઠુંમર, અખિલ ભારતીય મહિલા મંત્રીશ્રી સુશી શાહ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી ગીતાબેન પટેલ, મીડીયા કોર્ડીનેટરશ્રી હેમાંગ રાવલ, સોશીયલ મીડીયાના ચેરમેનશ્રી કેયુર શાહ, મીડીયા પેનાલીસ્ટશ્રી પાર્થિવરાજસિંહ કઠવાડીયા ઉપસ્થિત રહ્યાં હતાં.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા